# ફિનોલેક્સ ઈન્ડસ્ટ્રીઝ લિ. અને મુકુલ માધવ ફાઉન્ડેશનને એવોર્ડ

ભારતમાં પીવીસી પાઈપ્સ અને ફિટિંગ્સની અગ્રણી ઉત્પાદક ફિનોલેક્સ ઈન્ડસ્ટ્રીઝ લિ. (એફઆઈએલ) અને તેની સીએસઆર ભાગીદાર મુકુલ માધવ ફાઉન્ડેશન (એમએમએફ)ને નેશનલ સીએસઆર લીડરશિપ કોંગ્રેસ એન્ડ એવોર્ડ્સ દ્વારા સીએસઆર એન્ડ સસ્ટેનેબિલિટીમાં ઉત્કૃષ્ટતા માટે નેશનલ એવોર્ડની સંસ્થાકીય શ્રેણીમાં બેસ્ટ સીએસઆર ઈન્ટીગ્રેટેડ બિઝનેસ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે. આ એવોર્ડ સમારંભ ૨૦ સપ્ટેમ્બર, ૨૦૧૭ રોજ બેન્ગલુરુમાં યોજાયો હતો. ફિનોલેક્સ ઈન્ડસ્ટ્રીઝને સમુદા વિકાસમાં અનન્ય કાર્ય અને તેની સીએસઆર ભાગીદાર મુકુલ માધવ ફાઉન્ડેશન સાથે રોજબરોજના તેમના વેપાર વ્યવહારોનો હિસ્સો બનાવવા માટે સન્માનિત કરવામાં આવી છે.

મુકુલ માધવ ફાઉન્ડેશનના મેનેજિંગ ટ્રસ્ટી રિતુ છાબરિયાએ આ અવસરે બોલતાં જણાવ્યું હતું કે નેશનલ સીએસઆર લીડરશિપ કોંગ્રેસ એન્ડ એવોર્ડ્સ તરફથી આ પ્રતિષ્ઠિત સન્માન મળ્યું તેની અમને બેહદ ખુશ છે. આ પુરસ્કાર ફિનોલેક્સ ઈન્ડસ્ટ્રીઝ અને એમએમએફ સમુદાય માટે અમારું નાનું યોગદાન આપીને સક્ષમ વેપારનો માર્ગ બનાવવામાં કઈ રીતે વિશ્વાસ રાખે છે તેનો દાખલો છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે ફિનોલેક્સ અને એમએમએફ ખાતે સીએસઆર અને સક્ષમતાના વ્યવહારોના મુખ્ય પાયા ધર્માદા, પર્યાવરણીય જવાબદારી, સમાવેશક વૃદ્ધિ અને અસરકારક યોગદાન છે. અલગ અલગ કંપનીઓ સાથે આ સહયોગ અમને અમારા ટેકાની આવશ્યકતા છે તેવા લોકો સુધી પહોંચવામાં અમને મદદરૂપ થશે.